# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

મત-મશીન ફાડીને નૃસિંહ આવશે ક્યારે?
લોકશાહીને ઉંબરે નૃસિંહ આવશે ક્યારે?
કૌભાંડી પેટ ચીરવા નૃસિંહ આવશે ક્યારે?
પ્રજા-પ્રહ્લાદ કાજે નૃસિંહ આવશે ક્યારે?
(નૃસિંહ જયંતી - ચૌદશ)

**હાઈકુ**

હતાય ત્યાં નાં ત્યાં,
બદલશે રિમોટ -
ચૂંટણી પછી..
(હવે સંઘના હાથમાં -)

વાવ્યાં વચન -
થશે એમના પણ -
કેજરીહાલ!
(ઢંઢેરા નાં ઢોલ)

## ચિંતન

*બ્રહ્મણ્યાધાય કર્મણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ । લિપ્યતે ન સ પાપેન પદ્મપત્ર મિવામ્ભસા ॥*

જે લોકો જે અપેક્ષા રહિત અને બ્રહ્માર્પણ વૃત્તિ એટલે કે ઇશ્વરને સમર્પિત કરીને ઇશ્વર માટે જે કાર્ય કરે છે તેને કોઇ પણ પાપ કે પુણ્યનો સ્પર્શ થતો નથી અર્થાત અલિપ્ત જ રહે છે જેવી રીતે પાણીમાં રહેવા છતાં કમળ પાણીથી અલિપ્ત જ રહે છે.

માણસે કોઇ પણ અપેક્ષા રહિત જ પોતાનાં કાર્યો-ફરજ-કર્તવ્યો-નિષ્ઠાપૂર્વક બજાવવાં જોઇએ. સંસારમાં આપણે કોઇ પણ હેસિયતમાં હોઇએ - પિતા-પુત્ર-માતા-પત્ની-પુત્રવધુ-પુત્રી-ભાઇ વગેરે સંબંધ સાથે જોડાયેલી ફરજ, માત્ર ફરજ ખાતર નહીં પણ ઇશ્વરનું કાર્ય-ભક્તિ-ભજન-ઇશ્વરને માટે કરવાનું ઇશ્વરને સમર્પિત કરીને જો કાર્ય કરવામાં આવે તેને ગીતાનો 'કર્મયોગ' કહેવામાં આવે છે.

નોકર-ચાકર-કર્મચારી પણ પોતાની ફરજ કોઇ પણ જાતની વિશેષ અપેક્ષા (પગાર-વેતન સિવાય) વિના બજાવવી જોઇએ. અને આવી ફરજ બજાવતાં પણ 'હું નિષ્ઠાપૂર્વક ફરજ બજાવું છું' એવો ભાવ-અભિમાન મદ પણ ન થવો જોઇએ. માત્ર ઇશ્વરનું સોંપેલું - ઇશ્વર માટેનું કાર્ય જ કરું છું. એવો 'તાટસ્થ્ય' ભાવ હૃદયમાં રાખવો. કાર્ય કરવા છતાં પણ એમાં 'લિપ્ત' ન થવું - અલિપ્ત રહેવું - એજ કર્મયોગ છે.

## સુવિચાર

- રો નહીં, આ જગત તારી સાથે રોશે નહીં.. જો હસશે તો હરખ બધે લહેરાય છે.. મૃત્યુના મુખમાં નક્કી છે જવાનું એને એક દી... તોય સંપત્તિ ઘણી ભેગી કરી હરખાય છે **- જનકલ્યાણ**
- ટેન્શન, ડીપ્રેશનથી બચવું હોય તો કુદરત સાથેનો સંપર્ક-સંબંધ સતત જાળવી રાખો **- ડો. જીતેન્દ્ર અઢિયા**
- બહારની દુનિયા તો ઉત્તમ શ્રેષ્ઠ છે જ... તમારી ભીતરની વૃત્તિઓ જ એને બગાડે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સચ્ચાઇના બદલામાં ક્યારેક આખી જિંદગી ઇનામમાં મળી શકે છે **- સ્વીડીશ કહેવત**
- જીંદગી પણ એક ગાડી છે.. સંકલ્પની ગાડી, જેમાં આત્મવિશ્વાસનાં પૈડા, ધર્મનું એન્જીન, મર્યાદાનું એક્સીલેટર, કર્મનું ઇંધણ, સંયમનું સ્ટીયરીંગ, અનુશાસનની બ્રેક, અને ટુલ બોક્સમાં જ્ઞાન અને ચારિત્ર્ય.. આવી ગાડી ચોક્કસ મોક્ષની મંઝીલ પર પહોંચે છે **- તરૂણ સાગરજી**
- અનુભવ સાથે જ્ઞાન ભળતાં જીવતર પલટાઇ જાય છે, સમજણ ના પ્રકાશમાં હકીકત સ્પષ્ટ દેખાય છે અને માનવીને પછી એ હકીકત જ માર્ગ બતાવે છે **- શાહબુદ્દીન રાઠોડ**
- દુનિયા એ કેટલી પ્રગતિ કરી છે.. સ્વીચ શોકપ્રુફ મળે છે, ઘર અર્થકવેકપ્રુફ મળે છે, કાચ સ્ક્રેચપ્રુફ મળે છે, ઘડિયાળ વોટર પ્રુફમળે છે... અને માણસ લાગણીપ્રુફ મળે છે.. **- મૃગાંક શાહ**

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

૧૯૧૧ની સાલનો પ્રસંગ છે અકબર બાદશાહ ઉર્દુ સાહિત્યના અચ્છા લેખક અને કવિ પણ હતા. એમની ગઝલ ઘણી ગાયિકાઓ અને કવિઓ મુશાયરામાં ટાંકતા.

અલ્હાબાદમાં મોટું પ્રદર્શન ભરાયું હતું દેશના ખૂણેખૂણેથી લોકો જોવા આવતા હતા અને રાત્રે સંગીતના કાર્યક્રમોનું આયોજન થતું.

કલકત્તાની મશહુર ગાયિકા અને નર્તકી ગૌહરજાન પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા આવી હતી. બાદશાહ અકબર તેના સંગીતપ્રેમી દરબારીઓ સાથે આ કાર્યક્રમમાં હાજર હતા. ગૌહરજાને આ કાર્યક્રમમાં અકબર બાદશાહની જ એક ગઝલ પર ગાયન સાથે નર્તન કર્યું. બધા જ શ્રોતા મંત્રમુગ્ધ થઇ ગયા.

અકબરના એક મિત્રએ બાદશાહની પ્રતિક્રિયા પૂછી-અકબરે મસ્તીનાં મૂડમાં જવાબ દીધો :

ખૂશનસીબ આજ કૌન હૈ યહાં ગૌહર કે સિવા,
સબ કુછ દે રખ્ખા હે અલ્લાહને શૌહર કે સિવા...

Email - sureshchandrabhatt18@gmail.com

# કર્યા કર્મના ફળ..!! બાળપણની ચોરીની વ્યાજ સાથેની વસૂલાત..!!

## કદી મઝધારનાં તોફાનમાં સાહિલ નથી હોતાં, સુખી દિવસોના સાથી દુઃખ મહીં શામિલ નથી હોતા
## કરી ઉપકાર વારંવાર એની યાદ આપમાં, ખરેખર ઘાવ પણ એથી વધુ કાતિલ નથી હોતા



**Hello ફ્રેન્ડસ!**

–સંજય થોરાત

hellogandhinagar@gmail.com

આજે મનુભાઈના ખિસ્સામાંથી પાંચસો રૂપિયાની નોટ ગાયબ થઈ હતી. અને એમનાં ભૂલકણા સ્વભાવથી મનમનાવી બેઠાં હતા. એટલામાં હિલવુડ સ્કૂલનો પટ્ટાવાળો જમશેદ એમને બોલાવવાં આવ્યો. પ્રિન્સિપાલે બોલાવ્યાં છે નો મેસેજ આપી નીકળી ગયો.

સ્કૂલમાં પહોંચતા જ એમનો દીકરો મહેશ પ્રિન્સિપાલની કેબીન બહાર મોંઢુ લટકાવી ઊભો હતો. પ્રિન્સિપાલે કીધું કે આની સ્કૂલ બેગમાંથી ત્રણ હજાર રૂપિયા મળ્યાં છે, આઠમાં ધોરણનાં વિદ્યાર્થી પાસેથી આ પૉકેટમની વધારે લાગતાં એની ઉલટતપાસમાં ખબર પડી કે એણે ઘરમાંથી ચોર્યા છે...

મનુભાઈએ પ્રિન્સિપાલની કેબીનમાં જ મહેશને સટાસટ બે-ચાર લાફા ખેચી દીધા અને ક્રોધથી રાતાંપીળાં થવાં લાગ્યા. આટઆટલાં સંસ્કાર, સુખ, વસ્તુની ડિમાન્ડને પુરી કરવા છતાં ચોરી કરી મારું નામ લજવ્યું, એમણે ફરી કચકચાવીને એક ધોલ ઠોક્યો... એમને અચાનક ભૂતકાળની વાત યાદ આવી અને એ ખુરશીમાં ફસડાઈ પડતાં, યાદોમાં ખોવાઈ ગયા...

"મારો જન્મ વડોદરાનો એન એય ચૌખેડી વિસ્તાર, બાળપણ એકદમ લાડકોડમાં ગયેલું. એકંદરે બાળપણમાં ખુબ જ સારાં સંસ્કાર મળેલા. પપ્પાની સરકારી નોકરી અને ગાંધીનગર રહેવા આવી ગયા અને સે-૨ ૩નાં જી-૧ ટાઈટ જેવો બંગલો મળ્યો. એકમાદ્દ ખાનગી સ્કૂલ સેન્ટ ઝેવિયર્સમાં મારૂં એડમિશન થયું. ગુજરાતભરમાંથી સરકારી નોકરી માટે આવીને વસેલાં વિવિધ જાતિ ધર્મનાં, ભાષાનાં, એમની વિવિધ સરકારી રહેણીકરણી જેવા વાતાવરણમાં અમારો પ્રવેશ થયો, અમારો પરિવાર એટલે વડોદરાથી સંસ્કૃતિ એ સંસ્કાર સાથે આવી ગયો!!

સારાં મિત્રોની સંગળ મળે, એમની સારી વાતો શિખાય, એવી કાળજી મારી મમ્મી લેતી હતી. સ્કૂલમાં સારાં-ખરાબ મિત્રો મળ્યાં, સારાં મિત્રોની સોબતથી અભ્યાસમાં રૂચી કેળવાઈ, રમત-ગમતમાં રસ પડવા માંડ્યો, આ બધાંમાં થોડોક સમય ખરાબ મિત્રોની પણ સોબત થઈ ગઈ. શાળાનાં ગેટની સામે લારી લઈ ફેરિયાઓ ઉભા રહેતા. એમાં ગોરસ આમલી, બોર, કાતરાં, આંબોળિયા, ગોળપાક, ચણા-બિસ્કીટ, ગોળીઓ, પોપિન્સ બધું મોંઢે પાણી લાવે એવું મળતું. તો બીજુની લારીમાં પાણીપુરી અને કુલ્ફીવાળોય બરફના ગોળાવાળા સાથે ઉભો રહેતો. અને બધી જીભને ચટકો લગાડનારી વસ્તુઓ મારાં જેવા વિદ્યાર્થીઓને આકર્ષતી હતી!!



મારાં ખિસ્સામાં ખુબ રૂપિયા હોય, શ્રીમંત હોવાનો વટ હોય એવું લાગતું. છઠ્ઠા ધોરણમાં મેં પપ્પા પાસે પૉકેટમની માગેલાં પણ મને મળ્યાં નહોતાં. મમ્મી-પપ્પાંએ ખાવા-પીવામાં, કપડાં અને શોખમાં અમને કાંઈ ઓછું પડવા દીધું નહોતું. પણ સ્કૂલની સામે કંતાનના કોથળા પર બેસેલાં લીલા બહેન પાસેનાં આંબોળીયા-ગોળપાક મધુરનાં મોહનથાળ કરતાંય વધુ મોઢામાં પાણી લાવતાં. મિત્રોની જેમ મારી પાસે પૉકેટમની નહોતાં એટલે હું સદાય એમનાં પર જ આધારીત હતો, અને તેઓ પણ જે વસ્તુ ખાવી હોય એ લેવામાં મદદ કરતાં...

મારા પપ્પાનો સ્વભાવ પહેલાંથી જ ભોળો, ભૂલકણો. એમની કાળી પેન્ટનાં પાછલાં ખિસ્સામાં પાકીટ રહેતું. ખૂંટીએ ટાંગેલા પેન્ટમાંનો એ ખજાનો મને લોભાવી ગયો! એક દિવસ એમનાં એ પાકીટમાંથી એક રૂપિયો, પચાસ પૈસા અને પાવલી એમ ત્રણ સિક્કા સાથેનાં પોણા બે રૂપિયાં ધ્રુજતાં હાથે અને ધડકતાં દિલે કાઢી લીધાં. સ્કૂલમાં આજે મારો કૉલર ઊંચો હતો, મિત્રોને મારી જોડેનાં પોણા બે રૂપિયાની માહિતી આપી, ૧૯૭૯ની સાલમાં પોણા બે રૂપિયા એટલે ખુબ કહેવાતાં, જયારે એ વખતે મા-બાપ પંજો-દસીયું વાપરવાં આપતા. જીંદગીની મારી એ પહેલી ચોરી પકડાઈ નહીં અને પછી તો મારી હિંમત ખૂલી ગઈ...

આંબોળીયા અને ગોળપાકની ચટકના ચસ્કાએ પોણા બે રૂપિયાથી શરૂ થયેલો મારો પ્રવાસ દસ રૂપિયા સુધી પહોંચ્યો. એકવાર પપ્પાને એમનાં પાકીટમાંથી પૈસા ઓછા થયાનો અહેસાસ થયો. પણ શંકાની સોય મારા તરફ આવવાને બદલે એમનાં પોતાનાં જ ભૂલકણાં અને બેકાળજી ભર્યાં સ્વભાવ તરફ ગઈ, અને હું બચી ગયો. બધું 'વ્યવસ્થિત' ચાલતું ત્યારે અચાનક વર્ગમાં મારા હોમવર્કની નોટ લેવાં માટે મિત્રએ દફતર ખેંચ્યું અને મારાં ખિસ્સામાં પરચુરણ ખખડે એ ભયથી દફતરમાં મુકેલાં પૈસા અને નોટો નીચે વેરાઈ અને એનું દર્શન આખાં કલાસે કર્યું. આટલાં બધાં રૂપિયા છઠ્ઠા ધોરણનાં વિદ્યાર્થી પાસે ક્યાંથી આવ્યાં? વર્ગશિક્ષકે કરડાકીથી ઉલટ તપાસ કરી અને મારો ભાંડો ફુટી ગયો!!

મારે બધું સાચું બકવું પડ્યું. મને આચાર્યની કેબીનમાં લઈ ગયાં. પટાવાળાને વાલીને બોલાવવા ઘરે દોડાવ્યો. અને તેઓ આવે ત્યાં સુધી ઓફિસ સામે અંગૂઠા પકડાવી મુરઘો બાવી ઊભો રહેવાની મને શિક્ષા ફરમાવી. મારૂં તકદીર ખરાબ એ દિવસે ઘરે ખુબ મહેમાન હતા. પપ્પા ઓફિસે અને મમ્મી ઘરે હતી. આ સંદેશો મળતાં મમ્મી ચિંતામાં પડી. સાચું તો છોકરો ભણવામાં હોંશિયાર, મોટાઓનું સન્માન કરે છે. વ્યવસ્થિત છે, ઝગડાં પણ કરતો નથી, તોફાની નથી. તો પછી એવું શું બન્યું તે મને બોલાવી?

મમ્મી સ્કૂલમાં આવી હું અંગૂઠા પકડીને ઊભો હતો. બનેલી ઘટના પ્રિન્સિપાલે કીધી. મમ્મીનો ચહેરો અપરાધ ભાવથી પડી ગયો હતો. દીકરાનાં વ્યવહારે એનું અનુમાન થયું હતું. સારા સંસ્કારનાં શિક્ષણ આપનારી મા મારી અક્ષમ્ય ભૂલને લઈને ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ હતી. ઘરે જઈને દાદા-દાદીના પ્રશ્નોના જવાબને ટાળીને એણે મહેમાન સાચવી લીધાં. સાંજે મહેમાન ગયાં અને દાદીએ ફરી પ્રશ્નો પૂછ્યો...

હવે માત્રા મમ્મીનો ચહેરો લાલઘૂમ અને ઘુસ્સો અંગારાની જેમ તપતો હતો. એણે આપેલાં સંસ્કારની ધૂળધાણી થતાં એ છેડાઈ હતી. મને દાદાના ખોળામાંથી ખૂંચવીને એ સડસડાટ રસોડામાં લઈ ગઈ. ઓટલા પર પડેલા લોખંડની સાણસી લીધી અને સળગતાં ગેસ પર મુકી. હવે થનારાં પ્રસંગની કલ્પના આવતાં જ હું જોરજોરથી રડીને દાદા-દાદી પપ્પાને બોલાવતો હતો. લાલચોળ થયેલી સાણસી મારાં ચોરી કરેલાં હાથ પર ચંપાઈ ચૂકી હતી. પ્રચંડ વેદના, સાણસીમાંથી નીકળતી વરાળ અને રૂપાળા હાથ પર થયેલાં જખ્મો મને ખગ્રાસ સૂર્યગ્રહણ જેવાં દેખાવાં લાગ્યા. મારાં મમ્મીનું આવું રૂપ બધાંને માટે જ અકલ્પનીય હતું!!

દાદીએ મને એમની બાજુ ખેંચ્યો, દવા લગાવી, કણસતો કણસતો ભૂખ્યા પેટે હું ગાદલા પર પડ્યો. હવે મમ્મીનો ગુસ્સો ઠર્યો હતો અને મારૂં જખમ પણ. એ મારી પાસે આવી, મારૂં માથું એનાં ખોળામાં લીધું અને ધીમે ધીમે મારાં જખમ પર ફૂંક મારવા લાગી. ફરીથી દવા લગાડી એની આંખમાંથી ટપકતાં ગરમ આંસુ મારા ગાલ પર પડતાં હતા અને મારી ચોરીનાં પ્રકરણ પર એ દિવસથી પરદો પડી ગયો."

આજે મહેશે ચોરી કરી હતી, એનાં પપ્પાના ખિસ્સામાંથી જ અને મનુભાઈને જુની યાદો આવતાં એણે એમનો જમણો હાત જેના પર પેલાં જખમની નિશાની હતી એ આજે પરિવાર વચ્ચે બેસી બધાંને જણાવી, પોતે પણ આ ભૂલ કરી ચૂક્યા છે નો એકરાર કર્યો. પપ્પાએ આઈસ્ક્રીમ મગાવી મહેશ સાથે બધાંને ખવરાવ્યો, ઘર છે, ઉંમરનો વાંક છે ભૂલ તો થાય પણ હવે એ ફરી ના થાય એટલું જ કરવું કહીને અટકી ગયાં અને મનોમન બોલ્યાં, 'કરેલાં કર્મના કડવા ફળ આ જન્મે જ ચૂકવવા પડે છે, અને ક્યારેક વ્યાજ સાથે વસૂલાત થાય છે.' કંઈ વાંધો નહીં જાગ્યા ત્યારથી સવાર!

***ચૂંટલો :***

સ્કૂલની મૈત્રીમાં ક્યારેક ખરાબ લત લાગી જતાં માણસ ખોટાં બોલો અને ચોરીઓ કરતો થાય છે. ઘરમાંથી મુક્ત વાતાવરણ બાળકોમાં આત્મવિશ્વાસ જન્માવે છે, પણ ક્યારેક વધુ પડતો વિશ્વાસ મા-બાપની ઈજ્જત આબરૂ ધૂળધાણી પણ કરી દે છે, બાળકો પાછલ ડિટેક્ટીવના બનો પણ ડાઉટ પડે તો ધ્યાન તો અચૂક રાખો જ.

# ...અચાનક આવેલી ડિપ્રેશનની આ બિમારીએ માં દીકરીને ખુબ નજીક લાવી દીધાં હતા

## નવાં કલેવર

*- નટવર હેડાઉ*

ઝટ દઇને મુઠ્ઠીઓ ખોલી અભિનવે આકાંક્ષાના ચહેરા પર ફેંકતા કંઇક ઝમઝમાટ સાથે આકાંક્ષાને પોતાના ચહેરા પર સેંકડો જંતુઓનો અણખણાટ સ્પર્શી ગયો હોય તેવું લાગ્યું. તે ઝટપટ બે હાથે ઝટકવા લાગી. તે કંઇ બોલે કે બૂમાબૂમ કરે તે પહેલાં અભિનવનો હસવાનો અવાજ કાને પડ્યો, 'વાઉ કેવો સુંદર ચહેરો છે મારો ચાંદ આ ટમટમતા તારલાઓ વચ્ચે...' ઝમઝમાટથી બંધ થયેલ આંખોને ખોલીને તેણે જોયું તો બહુ બધા આગીયાઓ તેના ચહેરાની આસપાસ ઉડી રહ્યા હતા.

'ઓ અભિનવ આ શું છે? જાણતી હોવા છતાં હસતાં હસતાં આકાંક્ષા બોલી પડી.'

'મેમ સાહેબ પ્રેમનો આ એકરાર છે.' એક હાથ છાતીએ ધરીને જરા નમીને અભિનવે કહ્યું.

'આવી રીતે? આ કંઇ રીત કહેવાય' હસતાં હસતાં બનાવટી નારાજગી સાથે આકાંક્ષાના ચહેરા પર સુંદર ભાવ છલકી ઉઠ્યા.

'લ્યો કરો વાત, બધી મહેનત માથે પડી. કાંટાળા ઝાડી ઝાંખરાઓમાંથી એકાદ કલાકની મહેનત કરી એક એક કરીને આગીયાને પકડતાં થાકી ગયો. છતાં થયું કે આકાંક્ષા ખુશ થશે. પણ અહીં તો મેડમ બોલી પડ્યાં. 'આવી રીતે?' એમ નહીં કે કંઇક... વાતે મસ્તી પણ હોય,

'જી હવે, મારું કહેવાનું એમ નહોતું.' અભિનવ ખરેખર હું ખુબ ખુશ થઇ.' રાજીપાનો ભાવ તેના સ્વરમાં આવી ગયો હતો.

શહેરમાં આગીયાઓ ક્યાંથી હોય. આ તો મચ્છર હતા જે ચહેરા પર ચટકા ભરી પોતાની ઉપસ્થિતિનું ભાન કરાવતા હતા. કોલેજના દિવસોમાં નેચર કેમ્પમાં કરવામાં આવેલી અભિની આ ચેષ્ઠા આકાંક્ષાની સ્મૃતિમાં ભીની ધરતી પર તાજી તાજી ફૂટેલી કુંપળ જેવી લાગી રહી હતી. અતિતથી વર્તમાનમાં આવતાં આકાંક્ષાને ભાન થયું કે તેને બાલ્કનીમાં બેઠાં બેઠાં જ સાંજ ઢળવા લાગી છે. પંખીઓ પણ તેનાં માળામાં પાછાં ફરવાં લાગ્યા હતા. દીકરી હમણાં આવશે એ વિચાર આવતાં બાલ્કનીની લાઇટ ઓન કરી તે અંદર આવી.

વર્ષોથી ઇચ્છાઓને દબાવીને સંસારની ઘાણીમાં ફર્યા કરતી આંકાક્ષાને એકલતા ડંખતી હતી. અંદરની રિક્તતા નવરાશના સમયે તેના ચહેરા પર ઉભરાઇ આવી. ત્રણ દીયરો અને બે નણંદોને સાચવતાં તેમને ભણાવવા ગણાવવા અને તેમનો સંસાર વસાવવામાં લગ્નજીવનનાં પંદર વર્ષ વીતી ગયા, સાથે સાથે પોતાનાં બે બાળકોનો ઉછેર પણ કર્યો. હવે દીકરો તો મેડીકલના અભ્યાસ માટે બજાર જતો રહ્યો, અને દીકરી પણ નોકરી પૂર્વેની ટ્રેનિંગમાં, પતિએ તો તેને સંસારની આ માયા જાળમાં એવી ફસાવી દીધેલી કે તે તેમના નોકરીના કામે ક્યારે બહાર જતાને પાછા ક્યારે આવતા તેનું કંઇ નક્કી જ ન હતું. જવાબદારીઓમાંથી જરા મુક્ત થતાં શહેરનું પોળનું મકાન વેચી દઇને બહારના વિસ્તારની કોલોનીમાં ફ્લેટ લઇ લીધો હતો. તે રીંગ રોડની નજીકમાં હતો. દરેક શહેરની ફરતે રીંગરોડ બની ગયા છે. જાણે ઘાણીનાં બળદને ફરવાના રીટેશન પથ ન હોય. આકાંક્ષાને પણ પહેલાં ડાયટેશિયન બનવું હતું. તેનો પાયો નંખાયેલો. પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યા પછી કેનવાસ પર રંગથી તે પોતાની આકાંક્ષા રજૂ કરવાનું વિચારતી હતી. પણ ખુબ જ સહજતાથી તેની આકાંક્ષાના ઝરણાને કુદતું અટકાવવા પહેલાં લગ્ન અને પછી જવાબદારીઓની સમતલ ભૂમિ પર તેને વહેવું પડ્યું. પછી બાળકો ને બહારે તારે નોકરી કરીને શું કરવું છે? ઘર અને બાળકોને સાચવવાની તારી ફૂલટાઇમ જોબ છે. અને વળી મારી આવી સરસ નોકરી છે' એમ કહેવામાં આસુતોષનો આકાંક્ષા પ્રત્યેનો પ્રેમ અને તેની મુશ્કેલી ન પડે તેવી લાગણી વધુ હતી કે પછી પોતાની ગેઝેટેડ અધિકારી તરીકેનો નોકરીનો દંભ તેને એ સમયે નવોઢા આકાંક્ષા સમજી શકી નહોતી અથવા તે વિષે તેણે વિચાર્યું જ નહોતું. વળી એવું પણ નહોતું કે સુખ સુવિધાઓમાં આસુતોષે કોઇ મોટી ખાઇ રાતી હોય, પણ જે આદાનપ્રદાનમાં ભાવ ઉત્પન્ન થવો જોઇએ તે થતો ન હતો. તડજોડના સંબંધોમાં દેખાવ ખાતર અમુક સમીકરણો ભલે રચાઇ જાય પણ બ્રહ્માંડના ગ્રહો નક્ષત્રોને સાધતું ગુરૂત્વાકર્ષણ તો સહજ અને પ્રકૃતિજન્ય હોય છે. વારંવાર પોતાની જાતને સમજાવીને પૂર્ણ સમર્પણ છતાં એક આંતરીક ખેંચાણ ઓછું ન થયું તે પછી એ વિષે કોશીશ કરવાનું તેણે છોડી દીધું.

હવે તો દીકરી સુનિધિ તેના પ્રેમ અને એકલતાની ભાગીદાર બની ગઇ હતી. તેણે કહ્યું નહોતું છતાં આકાંક્ષા જાણતી હતી કે મુંબઇનો ટ્રેનિંગનો મોટો ચાન્સ છોડીને તેણે અહીં અમદાવાદમાં ટ્રેનિંગ જોઇન કરી હતી. મમ્મીને આવેલ સિવિયર ડિપ્રેશનના હુમલામાં તે ચારપાંચ દિવસ સળંગ ઘર અને હોસ્પિટલ વચ્ચે ભાગતી રહેતી આશુતોષને તો એ વખતે પણ ચૂંટણીના કામે દૂરના રાજયમાં અન્વેષક તરીકે મુકેલ હોઇ આવી શકેલ નહીં. દીકરાને તેની સેમેસ્ટર પરીક્ષા એ રોકી દીધેલો. પણ સુનિધિએ પોતાની ટ્રેનિંગમાં રજા ન મળી શકે એવી શરતને પણ એવી રીતે સુગમ બનાવી દીધેલી કે જાણે તે સરકારી નોકરી કરતી ન હોય! પોતાની આ ફાલતું બિમારી માટે આકાંક્ષાને ખુબ આત્મગ્લાનિ થઇ પણ તેનાં હાથમાં બસ એટલું જ હતું કે હવે પછી કંઇ ન થાય તેનું

અનુસંધાન પાના. ૬ પર

# પ્રેમ એટલે લેવડદેવડ નહીં

સને ૧૯૫૪માં સાહિત્યનું નોબલ પારિતોષિક મેળવનાર ૨૦મી સદીના પ્રતિષ્ઠિત અમેરિકન સાહિત્યકાર – પત્રકાર અર્નેસ્ટ હેમિંગ્વે (૧૮૯૯ – ૧૯૬૧)એ કહ્યું છે કે "પ્રેમમાં અને સમાજના તમામ પ્રકારના સંબંધમાં તમે જે જુઓ છો, એવું જ હંમેશા હોતું નથી. તમે જોયું એ પણ સાચું અને જે જોયું નથી એ હકીકતનો પણ તમે ઈનકાર કરી શકો નહીં. છુપાયેલું સત્ય ગમે ત્યારે અંધકારમાંથી પ્રકાશમાં આવે એવું બને ત્યારે તમને અફસોસ થાય."

સમજણ એટલે પ્રેમ. પ્રેમનું બીજું નામ જ એકબીજાને સમજતાં રહીએ. ગેરસમજ એટલે સંબંધની નાવમાં પડેલું કાણું – બાકોરું. ગેરસમજ ભરેલો સંબંધ ગમે ત્યારે તમારી નાવ ડૂબાડી શકે.

એક નાનકડા નગરની વાત છે. શાળાના નિયમિત




સમય કરતા એક છોકરી મોડી આવે. બે-ત્રણ દિવસ આમ બન્યું અને દરરોજ વર્ગશિક્ષિકા તેને શિક્ષા કરે. છોકરી કોઈ કારણ ન આપે અને દલીલ કર્યા વિના શિક્ષા ભોગવી લે. પરંતુ શિક્ષિકાનાં આશ્ચર્ય વચ્ચે એકાદ સપ્તાહ પછી પેલી છોકરી નિયમિત સમયે શાળામાં આવવા લાગી. જો કે છોકરી વર્ગમાં થોડી ગુમસુમ પણ રહેવા લાગી.

શિક્ષિકાએ છોકરીને પ્રેમથી પૂછ્યું કે "અગાઉ તું શાળામાં અનિયમિત આવતી અને કોઈ કારણ પણ આપતી નહોતી અને હવે નિયમિત બની ગઈ છે, એનું કારણ તો સમજાવ?"

છોકરીની આંખમાં આંસુ આવી ગયાં, તે બોલી કે "મારા મા-બાપ મજૂરી કરવા ઘરેથી નીકળે ત્યારે મારા નાના ભાઈને સાચવવાની જવાબદારી મારી રહેતી. ભાઈ બીમાર હતો અને મા મારી શાળાનો સમય સાચવવા કામ છોડીને ઘરે આવે એ પછી હું માને ભાઈ સોંપીને શાળાએ આવતી. એમાં મારે મોડું થઈ જતું. પરંતુ થોડા દિવસ પહેલા જ મારો બીમાર ભાઈ મૃત્યુ પામ્યો, એટલે હવે તેને સાચવવાની જવાબદારી પણ રહી નહીં. આથી હું હવે શાળામાં સમયસર આવી જઉં છું."

આ વાત સાંભળીને શિક્ષિકાને દુઃખ થયું. તેમને લાગ્યું કે બીમાર ભાઈ અને પરિવારની સેવા માટે રોકાવાના કારણે જે છોકરી શાળાએ મોડી આવતી હતી તેને પોતે નાહક શિક્ષા કરીને પરેશાન કરી. સામાન્ય ગેરસમજનું કેવું પરિણામ આવી શકે છે. ખરેખર તો જેવું દેખાય છે એવું હરહંમેશ હોતું નથી.

ઘણી વાર આપણને સાંભળવા મળે છે કે સમાજમાંથી માનવતા મરી પરવારી છે. પરંતુ એવું હંમેશા બનતું નથી. કદાચ કોઈ પણ ઘટના પ્રત્યે જોવાનો આપણો અભિગમ જુદો હોઈ શકે. એક ડોક્ટરના જીવનનો પ્રસંગ પ્રેરણાદાયી અને આપણને વિચારતા કરી મૂકે એવો છે. તેમના ઉપર કોલ આવ્યો કે જલદીથી હોસ્પિટલ પહોંચો, એક યુવાન અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે અને જીવન-મરણનો સવાલ છે. ડોક્ટર બધું કામ છોડીને પોતાની હોસ્પિટલ ઉપર પહોંચ્યા.

ગંભીર ઈજા પામેલા યુવકના પિતાએ આવેશમાં આવીને ડોક્ટરને કહ્યું કે "તમને પૅશન્ટની ગંભીરતાનો સહેજ પણ ખ્યાલ છે? કેટલું મોડું કર્યું મારો દીકરો મરણપથારીએ પડ્યો છે, એની તત્કાળ સારવાર શરુ કરો."

ડોક્ટરે બધું ચૂપચાપ સાંભળ્યું પણ કશું મન ઉપર લીધા વિના પૅશન્ટની સારવાર શરુ કરી. ઓપરેશનની જરુર હોવાથી ઓપરેશન પણ કર્યું. ઓપરેશન સફળ રીતે પૂરું કર્યા બાદ તેઓ ઓપરેશન થિયેટરની બહાર નીકળ્યા ત્યારે યુવાન પૅશન્ટના પિતાએ પૃચ્છા કરવા પ્રયાસ કર્યો કે પોતાના દીકરાને હવે કેવું છે?

આ વખતે ડોક્ટરે ફક્ત એટલું જ કહ્યું કે "મારી નર્સ સાથે વાત કરી લો. એ તમને બધું કહેશે." આટલું

> **સમજણ એટલે પ્રેમ, પ્રેમનું બીજું નામ જ એકબીજાને સમજતાં રહીએ, ગેરસમજ એટલે સંબંધની નાવમાં પડેલું કાણું - બાકોરું, ગેરસમજ ભરેલો સંબંધ ગમે ત્યારે તમારી નાવ ડૂબાડી શકે**

કહીને ડોક્ટર હોસ્પિટલમાંથી સડસડાટ નીકળી ગયા.

એ પછી નર્સે યુવાન પૅશન્ટના પિતાને કહ્યું કે "તમારા દીકરાનું ઓપરેશન સકસેસ રહ્યું છે. હવે તમે થોડી વાર પછી તમારા દીકરાને મળી શકશો."

પિતાએ પૂછ્યું કે "પરંતુ ડોક્ટર મારી સાથે વાત કર્યા વિના કેમ જતા રહ્યા?"

આખરે નર્સે હકીકત જણાવી કે "તમારા દીકરાનો જે યુવાન સાથે અકસ્માત થયો એ યુવાન કોણ હતો એ તમને ખબર છે? અકસ્માતમાં માર્યો ગયેલો યુવાન અમારા ડોક્ટર સાહેબનો દીકરો હતો. જ્યારે તમારા દીકરાની ઈમર્જન્સી સારવાર માટે ડોક્ટર સાહેબને કોલ કરવામાં આવ્યો ત્યારે તેઓ પોતાના વહાલસોયાની અંતિમવિધિની તૈયારીઓ કરી રહ્યા હતા. પરંતુ તમારા દીકરાનો જીવ

અનુસંધાન પાના. ૬ પર